# સેક્ટર-૨ ઉનું કડી કેમ્પસ 'યોગમય' બન્યું

**અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને બી.પી. કોલેજ ઓફ બીસીએના વિદ્યાર્થીઓએ 'વિશ્વ યોગ દિન' ઉજવ્યો**



ગાંધીનગર, તા.૨૦

સમગ્ર શહેરમાં વિશ્વ યોગ દિવસનો મહિમા છવાયો છે અને શહેરીજનો યોગમય બન્યા છે. શહેરના સે-૨ ઉ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ કેમ્પસમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં યોગ-પ્રાણાયામ કરી 'વિશ્વયોગ દિવસ'ની આગોતરી ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં બી.પી. કોલેજ ઓફ બીસીએ પણ જોડાઈ હતી.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે જેના થકી વિદ્યાર્થીઓ શૈક્ષણિક અભ્યાસ ઉપરાંત સમાજજીવનના વિવિધ પાસાઓ શિખી પોતાના વ્યકિતત્વને વધુ નિખાર આપે છે. યોગ-પ્રાણાયામ એ ભારતીય સંસ્કૃતિની અણમોલ દેન છે અને વિશ્વભરમાં યોગ-પ્રાણાયામ અંગે ખૂબ ઝડપથી જાગૃતિ પ્રસરવા સાથે તેનો નિયમિત અભ્યાસ કરી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા તરફ વધતા વ્યકિતઓની સંખ્યા દિન પ્રતિદિન ખૂબ ઝડપથી વધતી જાય છે. ગાંધીનગરના સે-૨ ઉમાં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ કેમ્પસની ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બીસીએના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને યોગ-પ્રાણાયામનું નિદર્શન એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા પુરું પાડવામાં આવ્યું હતું. યોગ-પ્રાણાયામ કર્યા બાદ તાજગી અનુભવતા અનેક વિદ્યાર્થીઓએ હવે નિયમિત યોગાભ્યાસ કરવાનો નિર્ણય પણ જાહેર કર્યો હતો.

## ગલુદણ ગામે ફેકટરીમાંથી નિકળતા દૂષિત પાણીથી ગ્રામજનો ભારે ત્રસ્ત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા ગલુદણ ગામે તલ પ્રોસેસ કરતી કંપનીમાંથી છેલ્લા ઘણા સમયથી કેમીકલયુકત ઝેરી પાણી નદી નાળા અને જાહેર વિસ્તારમાં છોડવામાં આવી રહ્યું છે. જેથી ગ્રામજનો આ સમસ્યાથી ત્રસ્ત થઈ ગયા છે. ફેકટરીમાંથી છોડવામાં આવતા આ પાણી અને તેની દુર્ગંધથી ગ્રામજનો હેરાન પરેશાન થઈ ગયા છે અને આ બાબતે સ્થાનિક વહીવટી તંત્રને અનેક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આજ દિન સુધી આવ્યો નથી. ફેકટરીના સંચાલકોની કેટલાક રાજકારણીઓ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ સાથે સંબંધો હોવાને કારણ કોઈ પગલા આ ફેકટરી સામે લેવામાં આવતા નથી તેવો ગ્રામજનો આક્ષેપ પણ કરી રહ્યા છે.

ગાંધીનગર નજીક દહેગામ-નરોડા માર્ગ પર ગલુદણ ગામ આવેલું છે. કુલ ૩૫૦૦ની વસ્તી ધરાવતા આ ગામમાં તલની પ્રોસેસ કરતી ફેકટરી આવેલી છે. આ ફેકટરીમાંથી છેલ્લા ઘણા સમયથી કેમિકલ વાળુ પ્રદૂષિત પાણી ગામમાંથી નદી તરફ છોડવામાં આવી રહ્યું છે. પરીણામે ગ્રામજનો આ દરરોજ ગંદા પાણીનો સામનો કરી રહ્યા છે. જાહેરમાં જ પાણી ફેલાઈને પડી રહેવાથી સ્થાનિક ગ્રામજનોએ ચાલીને પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. આખી નદીનો પટ પણ કેમીકલ યુકત પાણીથી ભરાઈ ગયો છે. ગામમાં ફેકટરીમાંથી નીકળતી ભારે ટ્રકોથી આર.સી.સી.ના બનાવેલ રોડ પણ તૂટી ગયા છે.

ફેકટરમાંથી નિકળતા દૂષિત પાણી અને ટ્રકોના લીધે તૂટેલા રોડ મામલે સ્થાનિકોએ અનેક લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં આજ દિન સુધી કોઈ જ પગલા ફેકટરી વિરૂધ્ધમાં લેવામાં આવ્યા નથી. બીજી તરફ ગલુદણની ફેકટરીમાંથી ગંદા અને દૂષિત પાણી આખા ગામમાં ફરી વળ્યા છે. તેમ છતાં નવાઈની વાત એ છે કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ આ મામલે સાવ અજાણ છે. ગ્રામજનો દ્વારા અનેક લેખિત રજુઆત કરવામાં આવી છે. તેમ છતાં ફેકટરી માલિક કે સંચાલક વિરુધ્ધ આજ દિન સુધી કોઈ પણ પગલા સંબંધિત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે લીધા નથી. ગ્રામજનોનો એવો પણ આક્ષેપ છે કે આ ફેકટરીના માલિકોના રાજકારણીઓ સાથેના સારા સંબંધોને લીધે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી હવે જોવાનું રહ્યું કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ શું કાર્યવાહી કરશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**મેમ મને ઓફ લાઈન એજ્યુકેશન નહી ફાવે... હું ૨૪ x ૭ ઓનલાઈન હોવ છું... તમારું આઈપી એડ્રેસ આપો ત્યાં તમે મને ભણાવી શકશો...**

## આજે ગરીબ બાળકોના શિક્ષણઅર્થે ઓબીસી, એસસી, એસટી એકતા મંચ દ્વારા રાજયપાલને આવેદનપત્ર આપશે

ગાંધીનગર, તા. ૨૦

ગરીબ બાળકો શિક્ષણ મેળવી શકે તે માટે આરટીઈની જોગવાઈ સરકાર દ્વારા કરવામાં આવી છે. શાળાઓ શરુ થઈ ગઈ હોવા છતા કેટલાક ગરીબ બાળકો પ્રવેશથી વંચિત રહેવા પામ્યા છે. જેને પગલે ઓબીસી, એસસી, એસટી એકતા મંચના પ્રતિનિધીઓ તા.૨૧ જુનને ગુરુવારના રોજ રાજયના રાજયપાલને મળીને આવેદન પત્ર આપી બાળકોના શિક્ષણ માટે ઝડપી યોગ્ય ઉકેલ લાવવા માટે રજુઆત કરશે.

શિક્ષણએ બાળકોનો મુળભુત અધિકાર છે પરંતુ ગુજરાતમાં શિક્ષણનું વ્યાપારીકરણ કરી નાંખવામાં આવ્યું છે. ત્યારે ગરીબ બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ભણી શકે તે માટે રાજય સરકારે જોગવાઈ કરેલી છે. જિલ્લા શિક્ષણાધિકારીના જણાવ્યા મુજબ આરઈટી હેઠળ ત્રણ તબક્કામાં પ્રવેશ કાર્યવાહી કરવામાં આવશે.જેમાં તા.૧૬ જુનના રોજ પહેલા તબક્કાની પ્રવેશ કાર્યવાહી હેઠળ જે બાળકોને પ્રવેશ મળેલો છે.તેમ છતા તે બાળકોને શાળાઓ દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો નથી. અને બીજા તબક્કાની કાર્યવાહી તા.૨૬ જુનના રોજ કરવાની હતી. ત્યારબાદ ૧૪ જુન તારીખ આપવામાં આવી હતી જે આજદિન સુધી કરવામાં આવી નથી તો ત્રીજા તબક્કાની કાર્યવાહી થશે કે કેમ એ એક મોટો પ્રશ્ન છે. સરકારની આ બેદરકારીના કારણે હજુસુધી ૩૦.૦૦૦ હજાર જેટલા ગરીબ બાળકો પ્રવેશથી વંચિત છે. જયારે શાળા ચાલુ થયાને ૧૦ દિવસ થયા છે. છતા પણ આ ગરીબ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો નથી. ઓબીસી, એસસી, એસટી એકતા મંચ દ્વારા રજુઆત કરવામાં આવે છે કે તાત્કાલીક ધોરણે બીજા તબક્કાની તારીખ જાહેર કરવામાં આવે અને બાળકો તુરંત અભ્યાસ કરી શકે તેવી સુવિધા ઉભી કરવામાં આવે. ત્યારે ઓબીસી, એસસી, એસટી, એકતા મંચ દ્વારા ગરીબ બાળકોના હીત માટે તા. ૨૧ જુનને ગુરુવારના રોજ ગુજરાતના રાજયપાલ ઓ.પી.કોહલીને મળીને બાળકોના ઝડપી એડમીશન થાય તે માટે આવેદન પત્ર આપી રજુઆત કરશે.આ પ્રસંગે ઓબીસી, એસસી,એસટી એકતા મંચના ઉપપ્રમુખ મુકેશ ભરવાડ તેમજ કાર્યકરો ઉપસ્થિત રહેશે.



વિશ્વ યોગ દિનની પૂર્વ સંધ્યાએ જિલ્લા પોલીસ અને એસઆરપી હોમગાર્ડઝ જવાનો યોગદિનની ઉજવણીમાં ભાગ લેવા માટે રીહર્સલ કરતા જોવા મળ્યા.

## આજે માણસા નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે ભરતી મેળો

**૨૫મી જૂનના રોજ ગાંધીનગર અને ૨૭મી જૂનના રોજ છત્રાલ ખાતે ભરતી મેળો યોજાશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૨૧મી જૂન, ૨૦૧૮ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન માણસાના નગરપાલિકા કોમ્યુનીટી હોલ, પેટા તિજોરી કચેરીની બાજુમાં, તખતપુરા, માણસા ખાતે કરવામાં આવ્યું છે.

તે ઉપરાંત તા. ૨૫મી જૂન, ૨૦૧૮ના રોજ બલરામ મંદિર પરિસર હોલ, કલેકટર કચેરી સામે, સેકટર-૧૨ તથા તા. ૨૭મી જૂન, ૨૦૧૮ ના રોજ છત્રાલ જી.આઈ.ડી.સી. એસોસિએશન હોલ, છત્રાલ જી.આઈ.ડી.સી છત્રાલ ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બન્ને ભરતી મેળા સવારના ૧૦.૩૦ કલાકે શરૂ થશે.

આ તમામ રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળામાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ, આઈ.ટી.આઈ., ડિપ્લોમા, ગ્રેજયુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટરના જાણકાર જેમ કે કોપા, બી.કોમ,બીસીએ ઉમેદવારો પણ ભાગ લઈ શકશે. આ અંગેની વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર, પ્રથમ માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે સંપર્ક કરવો. તેમજ ભરતી મેળામાં આવનાર ઉમેદવારોએ બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## પેથાપુર નગરના સ્વચ્છતા મિશનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નટુભાઈ દરજી

ગાંધીનગર, તા.૨૦

પેથાપુર નગરપાલિકા તરફથી પેથાપુર ગામ માટે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નટુભાઈ કે. દરજીની કામગીરીને ધ્યાનમાં લઈ તેમની પેથાપુર શહેરના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણુંક કરેલ છે.

## લવારપુર વી.કેર ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ

ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામની પ્રાથમિક શાળા ખાતે વિ.કેર ફાઉન્ડેશન ગાંધીનગરના ઉપક્રમે શાળાઓના વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યુ હતુ. વિકેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલે વિદ્યાર્થીઓને યોગ સાથે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ગામના અગ્રણી રમણભાઈ પટેલ, સિનિયર સીટીઝનો સંસ્થાના કાર્યકરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



## બલરામ ભવન ખાતે જીવન યોગ સેમીનાર

શહેરની આબોહવામાં જાણે યોગ અને પ્રાણાયામ ભળી ગયાં હોય તેવી ગાંધીનગરની સ્થિતિ છે. શહેરમાં સ્વાસ્થ્યપ્રેમી જનતા યોગ-પ્રાણાયામ થકી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા તરફ આગળ વધી રહી છે. શહેરની મધ્યમાં સેક્ટર-૧૨ ખાતે સ્થિત બલરામ મંદિરના હોલમાં યોગ સેવક વિરમભાઈ ચૌહાણ દ્વારા વિના મૂલ્યે જીવન યોગ સેમીનાર ચલાવાઈ રહ્યો છે. જેમાં તેઓ યોગાર્થીઓને યોગના વિવિધ આસનો તથા પ્રાણાયામની ક્રિયાઓનું તલસ્પર્શી માર્ગદર્શન આપી યોગઆસનો શિખવાડી રહ્યાં છે.

## અડાલજ નજીકથી પીકઅપ ડાલામાં વાહનોનો સ્ક્રેપ ભરીને જતો શકમંદ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૦

અડાલજ પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી



તેમની સર્વેલન્સ ટીમના પીએસઆઈ એનુરકાર તથા તેમના સ્ટાફના હે.કો કેવલસિંહ અને કોન્સ્ટેબલ જયરાજસિંહ તથા મનિષસિંહ મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન કસ્તુરી નગરથી ચેનલ તરફ જતા રોડ ઉપર એક અશોક લેલન પિકઅપ ડાલામાં અલગ-અલગ વાહનોનો સ્ક્રેપ ભરીને જતો શકમંદ ઝડપાયો હતો. ડાલાને રોકીને તેમાં તપાસ કરતા અંદરથી ટુ-વ્હીલર થ્રી-વ્હીલર અને ફોર-વ્હીલર વિવિધ વાહનોના એન્જિનો તથા નંબર પ્લેટ સહિતની સામગ્રીઓ જોવા મળી હતી. ચોરીનો માલ હોવાની આશંકાને પગલે તેની સઘન પૂછપરછ કરી કાગળો અંગે પૂછતાછ કરતા તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. ડાલામાંથી ૧૪ અલગ-અલગ વાહનોના એન્જિનના સ્પેરપાર્ટસ તથા ત્રણ અલગ અલગ નંબર પ્લેટ ઉપરાંત પરચુરણ સ્પેરપાર્ટનો એલ્યુમિનિયમ જેવા ધાતુનો ભંગાર મળી આવ્યો હતો. રૂપિયા ૫૪ હજારની કિંમતનો અંદાજે ૬૦૦ કિલો વજનનો સ્ક્રેપ તથા ડાલુ મળી કુલ રૂપિયા ૩,૧૧,૪૫૦ ની કિંમતનો મુદામાલ જપ્ત કરી શકમંદની ધરપકડ કરી તેની પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

## ચંદ્રાલા ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦



શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની તાજેતરમાં ઉમા સંસ્કાર તીર્થ ચંદ્રાલાના સરદાર ભવન ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં આંગણવાડી, બાલમંદિર, ચંદ્રાલા આદર્શ શાળા નં-૧ અને ૨ તથા શ્રી જયોતિ વિદ્યા મંદિર હાઈસ્કુલ અને ઉમા સંસ્કાર તીર્થ સહિત તમામ સંસ્થાઓએ સંયુકત રીતે પ્રવેશોત્સવની ઉજવણી કરી હતી.

ચંદ્રાલા ઉમા સંસ્કાર તિર્થ ખાતે ઉજવણી કરવામાં આવેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ પ્રસંગે વિદ્યાર્થી ભાઈ બહેનોને ગણવેશ તેમજ સ્કુલકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધો-૫ થી ૧૨ માં પ્રથમ, દ્રિતીય અને તૃતિય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉમા સંસ્કાર તિર્થના મેનેજીંગ ટ્રસ્ટી ગામના સરપંચ વિનોદભાઈ એચ પટેલ, તાલુકા વિકાસ અધિકારી જાનવીબેન, ટ્રસ્ટીઓ, વડીલો, યુવાનો, વાલીગણ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના પ્રાંગણમાં મહેમાનોના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજાયો હતો. જયારે ગામના સરપંચ વિનોદભાઈ પટેલ તમામ મહેમાનો તેમજ નાગરીકોનો આભાર વ્યકત કર્યો હતો.જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવાર તેમજ વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## આજે લાયન્સ ક્લબ દ્વારા મેડીકલ સાધન સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરની અગ્રણી સામાજીક સેવા સંસ્થા લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા 'લાયન્સ મેડીકલ સાધન સેવા કેન્દ્ર'ના ઉદ્ઘાટન અને દિવ્યાંગો માટે ટ્રાઈસીકલ વિતરણનો કાર્યક્રમ તા. ૨૧ જૂનને ગુરૂવારના રોજ લાયન્સ સેન્ટર, પ્લોટ નં. ૧૭૫૫/૨, સે. ૨-ડી ખાતે રાખવામાં આવ્યો છે.

આ લાયન્સ મેડીકલ સાધન સેવા કેન્દ્રના ઉદ્ઘાટન તમામ સાધનોના દાતા એવા ક્લબના સૌથી વરિષ્ઠ સભ્ય લાયન નટુભાઈ સોલંકી (ગણવેશ, સે. ૨૧)ના હસ્તે કરવામાં આવશે. તેમજ દિવ્યાંગોને ટ્રાઈસીકલનું વિતરણ કાર્યક્રમના મુખ્ય મહેમાન મેયર પ્રવીણભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે.

લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા સંચાલીત 'લાયન્સ મેડીકલ સાધન સેવા કેન્દ્રમાં જરૂરીયાત મંદ દર્દીઓ માટે નિઃશુલ્ક વ્હીલચેર, મેડીકલ પલંગ, વોકર, વોકિંગ સ્ટીક, ટોયલેટ ચેર, અસ્થમાંના દર્દીઓ માટે સકશન મશીન, ઓક્સીજન મશીન, નેબ્યુલાઈઝર તેમજ અન્ય મેડીકલ સાધનોની સેવા પુરી પાડવામાં આવશે તેમ લાયન નયન મધુકરે જણાવ્યુ છે.

## દાઉદી વ્હોરા વિમેન્સ એસો. દ્વારા ગરીબોને મદદરૂપ થવા માટેની સરાહનીય ઝુંબેશ

ગાંધીનગર, તા.૨૦

ધ દાઉદી બોહરા વિમેન્સ એસોસિયેશન્સ ફોર રિલીજીયસ ફ્રીડમ (ડીબીડબ્લ્યુઆરએફ), એ બોહરા મહિલાઓના સશક્તિકરણ અને અધિકારો માટે કામ કરતી સંસ્થા છે. આ સંસ્થા દ્વારા પાવર ઓફ ગિવીંગ કાર્યક્રમ અંતર્ગત દેશવ્યાપી અન્ન વિતરણ ઝુંબેશ યોજી હતી. આ ઝુંબેશનું નામ સવાબ રાખવામાં આવ્યું હતું. સૈફીઉદ્દીનની સૈયદના મુફાદલ ફીઉદ્દીનની ૭૫મી મિલાદની ઉજવણી કરવા માટે આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. દેશનાં વિવિધ શહેરોમાં કરાયેલી ઉજવણી અંતર્ગત તાજેતરમાં સુરતના યતીમખાના સોસાયટી અને ગોધરાના નારી સ્વરક્ષણ કેન્દ્ર અને બાલસ્વરક્ષણ કેન્દ્ર ખાતે દાઉદી બોહરા મહિલાઓએ બાળકોને અન્નનું વિતરણ કર્યુ હતું. આઠમી જૂનના રોજ દાઉદી બોહરા મહિલાઓએ ગાંધીનગરના કૃષ્ણા વૃદ્ધાશ્રમ ખાતે બાળકોને અન્નનું વિતરણ પણ કર્યુ હતું.

પાવર ઓફ ગિવીંગ-સવાબની સફળતા અંગે બોલતા ડીબીડબ્લ્યુઆરએફના ટ્રસ્ટી ડો. તસનીમ જલગાંવવાલાએ જણાવ્યું હતું કે, સવાબ એ આપણા આધ્યાત્મિક ગુરુ અને નેતાના સિદ્ધાંતો અને શીખને અનુસરવાનુ પરિણામ છે, તેમની મિલાદની ઉજવણી કરવા માટે આનાથી વધુ સારુ કાર્ય હોઈ જ ના શકે. એક સમુદાય તરીકે દાઉદી બોહરા સમાજે હંમેશા સમાજને કંઈક પાછુ આપ્યું છે અને સમાજનું ઋણ અદા કરવાનો પ્રયત્ન કર્યો છે તેમ જ જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાનો પ્રયાસ કર્યો છે. અમે ખરા અર્થમાં માનીએ છીએ કે માનવતાનો અર્થ કોઈની માટે સંભાળ લેવાનો અને કાળજી કરવાનો છે. સુરત, ગાંધીનગર, ગોધરા સહિત આ કાર્યક્રમ બિલાસપુર (છત્તીસગઢ), કોટા (રાજસ્થાન), કોલકાતા (પશ્ચિમ બંગાળ), મુંબઈ (મહારાષ્ટ્ર), હૈદરાબાદ (તેલંગણા) બેંગલુરુ (કર્ણાટક) ચેન્નાઈ (તમિલનાડુ), અને શિરપુર (મહારાષ્ટ્ર) ખાતે યોજવામાં આવ્યો હતો.

ફેબ્રુઆરી ૨૦૧૮માં લોંચ કરવામાં આવેલી પાવર ઓફ ગિવીંગ ઝુંબેશ હેઠળ, તાજેતરમાં ગાંધીનગર ખાતે આયોજીત પ્રોગ્રામ લેટેસ્ટ હોવાનું સંસ્થાનાં ટ્રસ્ટીએ જણાવ્યુ હતુ.

## અનુ. જાતિ પર થતા અત્યાચાર મામલે ચર્ચા વિચારણા કરવા સંત રોહિદાસ મંદિરે બેઠક

ગુજરાત રાજયમાં જુદા જુદા ગામોમાં છેલ્લા ઘણા સમયથી અનુસૂચિત જાતિના નાગરિકો ઉપર સતત અત્યાચારો વધી રહ્યા છે. તેને અટકાવવા માટે સમાજના હિત ચિંતકોની બેઠક આજે સેક્ટર-૬ સંત રોહિદાસ મંદિરે મળશે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ઉપર થતા અત્યાચાર નિવારણના ઉમદા હેતુ માટે એટ્રોસીટી એક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. આ કાયદામાં સુપ્રિમ કોર્ટના એક ચુકાદાથી ધરપકડ સંબંધે કરવામાં આવેલ હળવાશના પરિણામ સ્વરૂપ ગુજરાતના જુદા જુદા ગામોમાં અનુ. જાતિ સમાજના નાગરિકો ઉપર બેરોકટોક સતત અત્યાચારનુ પ્રમાણ વધી રહ્યુ છે. જે અંગે સરકાર દ્વારા દોષિતો સામે અસરકારક પગલા ભરવામાં આવે અને ભવિષ્યમાં અત્યાચારના ગુનાઓ અટકાવવા નક્કર કાર્યવાહી કરવા માટે સમાજના હિતચિંતકોની બેઠક ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા કરાયુ છે.


**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT - 1989**
**APPLICATION NO.2184 of 2017**

Asha Dyandeo Narhe & Ors ... Applicants
V/s
Suryanath Ramasamuj Pal ... Opp.Party
And
The New India Assurance Co. Ltd. ..... Insurance

**To,**
**Suryanath Ramasamuj Pal**
**314 Brahmadeo Complex,**
**Opp. Brahmadeo Temple,**
**Vapi, Valsad, Gujrat - 395001**

Whereas as per the application annexed, the applicant have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore require to remain present in Court No. 07 on 11/07/2018 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby inform that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you failed to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be pass accordingly. which you please take note.

This Notice issued today on 08/05/2018 with my signature and seal of the Judiciary Court.

Court Seal

**By Order**

**Registrar**
**M.A.C.T. Mumbai**
**9, H.S. Marg, Mumbai - 400001**